# ECHO OF HIS CALL

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE

## ઇસુ ખ્રિસ્તના સાદનો પ્રતિસાદ GUJARATI

*India's National Spiritual Newspaper*

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAANS

**Editor : S. SAM SELVA RAJ** **16 Languages** **Associate Editor : Bro. Pankaj C. Wadia**

**VOL: XXII YEAR OF OUR LORD JESUS CHRIST, 2020 JANUARY NO: 2**


## પવિત્ર બાઈબલ

### કૃપા કરી આ ભાગ મોઢે કરો

### પ્રભુની સ્તુતિ થાઓ!!

### ગીતશાસ્ત્ર : ૭૧ : ૧-૮

૧. હે યહોવા, હું તારા પર ભરોસો રાખું છું, હું કદી ફજેત ન થાઉ.

૨. તારા ન્યાયપણાથી મને છોડાવ અને મારો બચાવ કર; મારી તરફ વળીને કાન ઘર, અને મારૂં તારણ કર.

૩. જેમાં હું નિત્ય જઈ શકું તેવો મારા રહેવાને માટે તું ગઢ થા; તે મને તારવાને આજ્ઞા આપી છે, કેમ કે તું મારો ખડક તથા કિલ્લો છે.

૪. હે મારા દેવ, દુષ્ટના હાથમાંથી, અન્યાયી તથા ક્રુર માણસના હાથમાંથી મને બચાવ.

૫. કેમ કે, હે પ્રભુ યહોવા, તું મારી આશા છે. મારી જુવાનીથી હું તારો ભરોસો રાખું છું.

૬. હું ગર્ભસ્થાનમાં હતો, તે સમયથી તું મારો આધાર છે; મારી માના ઉદરમાંથી મને કાઢનાર તું જ છે; હું નિત્ય તારી સ્તુતિ કરીશ.

૭. મને જોઈને ઘણા આશ્ચર્ય પામ્યા છે; પણ તું મારો મજબૂત આશ્રય છે.

૮. મારૂં મુખ તારા સ્તવનથી ભરપૂર થશે, અને આખો દિવસ તારા ગૌરવની વાતોથી ભરપૂર થશે.

# વિશ્વાસીઓ માટે, જ્યારે તેઓ પ્રાર્થના કરે!

(પાળક નીકો સ્મીટ)

પ્રાર્થના એ તો એક મહાન અધિકારોમાંની એક છે જે આપણને વિશ્વાસીઓને આપવામાં આવી છે. પણ તે તો એક મોટી જવાબદારી સાથે પણ આવે છે. જ્યારે આપણે સાજાપણા માટે વાતાવરણ સ્થાપિત કરીએ છીએ, ત્યારે આ મિનિસ્ટ્રીની કામગીરી વધુ સારી રીતે થાય છે. આ મિનિસ્ટ્રીને પ્રવૃત્ત જોવી હોય તો આપણે ત્રણ પરિબળો જોવા પડશેઃ

i. આપણને ઇશ્વરમાં અને તેમની ઇચ્છા પ્રમાણે કરવાની ક્ષમતા પર સંપૂર્ણ વિશ્વાસ હોવો જોઈએ.

ii. જે બધા આ મિનિસ્ટ્રી સારી રીતે કામ કરી શકે એમ ઇચ્છે છે, તેઓમાં સંપૂર્ણ એકતા હોવી જોઈએ. જ્યારે જેઓ સાથે સેવા કરે ત્યારે તેઓ મધ્યે એકબીજા પ્રત્યે સંપૂર્ણ સંવાદિતા અને આદર હોવા જોઈએ. જો એક જણ બીજાઓની વિરૂદ્ધ પ્રાર્થના કરે તો, તેની અસર સાજાપણા પર અને એકતા પર થઈ શકે છે.

iii.ત્યાં ભક્તિમય જીવન હોવું જોઈએ. ફકત રવિવારનો જ ભક્તિભાવ નહિ. એવો ભક્તિભાવ જે તમારા જીવનના દરેક ભાગમાં ફેલાયેલો હોય. આપણે આપણા ભક્તિભાવથી ઇશ્વરને આદર આપવો જોઈએ.

જો આ ત્રણે પરિબળો સાથે કામ કરતા થશે, ત્યારે સાજાપણું, વિશ્વાસ અને પ્રાર્થના જીવનના માર્ગમાં પરીણામ લાવશે જે ઇશ્વરના કામને આગળ વધારવામાં કામ કરશે. ૭૫% લોકોને સાજાપણાની જે જરૂરીયાત છે તે તેઓ નાના જુથોની મધ્યસ્થીની સભાઓ દ્વારા મેળવે છે. હું માનું છું આનું કારણ છે કે સાચી પાળકિય અને સંભાળ લેતી સેવાઓ આ સભાઓમાં લઈ શકાય છે અને તેથી સૌથી વધારે જરૂરીયાતો દ્વારા તેઓ સહાય કરી શકે છે. અહીં પ્રોત્સાહન અને દયાની ભોટો મુલ્યવાન બને છે. જ્યારે વ્યક્તિ આ ભેટો સાથે પ્રવૃત્ત થાય છે ત્યારે તે વ્યક્તિનાં આત્મિક કલ્યાણ માટે એક વાસ્તવિક હિત છે કે તે વ્યક્તિને દિલાસો, પ્રોત્સાહન અને સલાહ આપવાની. તેઓ તેમના પ્રત્યે વ્યાવહારિક અને કરુણ્યપૂર્ણ પ્રેમ દર્શાવવા માટે એકમેકથી સંબંધ મેળવવા પ્રયત્ન કરે છે. કોઈક વાર ફકત સાંભળવાનું પૂરતું હોય છે વ્યક્તિ માટે કે ઇશ્વર તેમને શું કહે છે. એક સહાનુભૂતિપૂર્ણ સમજ તેમને બતાવશે કે તમે કાળજી લો છો અને તેમનું કલ્યાણ તમારા હદયમાં છે.

લૂક ૧૧:૧-૧૩ તે એક ઠેકાણે પ્રાર્થના કરતો હતો. તે કરી રહયા પછી તેના શિષ્યોમાંના એકે તેને કહયું કે, પ્રભુ, યોહાને પોતાના શિષ્યોને પ્રાર્થના કરતાં શીખવ્યું તેમ તું પણ અમને શીખવ. તેણે તેઓને કહયું કે, તમે પ્રાર્થના કરો, ત્યારે કહો કે, ઓ

અનુસંધાન પાન ૨ પર

૧૯૬૯ થી ... શિક્ષણ દ્વારા ઘણા જીવનોને સ્પર્શ.

# ઈસુના તેડાનો પ્રતિધ્વનિ

અંગ્રેજી, તમિલ, મલયાલમ, તેલુગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાળી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલી અને આફ્રિકાન્સ-નું માસીક પત્ર.



**"તું તારા ઉપકારથી વર્ષને આબાદી બક્ષે છે."**
(ગીતશાસ્ત્ર ૬૫:૧૧)

**આ ૨૦૨૦નાં નવા વર્ષ દરમિયાન, શાંતિનો ઇશ્વર તમારી સાથે હો,**

પ્રભુ ઇસુ ખ્રિસ્તમાં વહાલા પ્રેમી ભાઈઓ અને બહેનો,

પ્રભુ ઇસુ ખ્રિસ્ત તરફથી તમને શાંતિ અને કૃપા હો !

હા, આ ઐતિહાસિક નાતાલના અને ૨૦૨૦ના નવા વર્ષના પર્વમાં મને અને તમને ખરેખરો આશીર્વાદ છે એકમેકને સલામ કહેવાનો ! આ નવા વર્ષમાં પણ પ્રભુ ઇસુ ખ્રિસ્તે કૃપાળુરીતે આપણા જીવનોને નવા વર્ષમાં જીવવા માટે વધાર્યા છે. તેથી આપણે નિર્ણય લેવાનો છે તેમને શોધવાનો, તેમની સાથે રહેવાનો અને તેમની ઇચ્છા આપણા જીવનોમાં પુરી કરવાની. એઝરા ૮:૨૨ માં ઇશ્વરનું વચન કહે છે, "અમારા દેવનો હાથ તેને શોધનાર સઘળા ઊપર હિતકારક છે." તે પ્રમાણે આપણે સાવચેત રહીને આપણા જીવનોમાં દરેક દિવસે તેમની ઇચ્છા શોધવાની છે અને તેમને સંપૂર્ણપણે સોપાવાંનું છે આપણને દોરવા માટે. **"તારા સર્વ માર્ગોમાં તેની આણ સ્વીકાર, એટલે તે તારા રસ્તાઓ પાધરા કરશે."** નીતિવચનો ૩:૬.

જ્યાં સુધી મારી વાત છે, દરેક સવારે હું મારા ઇશ્વર અને તારનાર ઇસુ ખ્રિસ્ત પાસે જાઉ છું, તેમની આગળ ઘુંટણિયે પડું છું આભારી હદય સાથે મારી સઘળી અસમર્થતાઓ અને અશક્તિઓ કબૂલ કરીને આ પ્રાર્થના કરૂં છું, "હે મારા પ્રભુ અને ઇશ્વર ઇસુ ખ્રિસ્ત, હું એક વાત જાણું છું, તે છે, તમે કોઇકને શોધો છો. (યર્મિયા ૩૨:૧૯). જે તમારા હૃદયને જાણી શકે અને તમારી ઇચ્છા પ્રમાણે કરે (યશાયા ૬:૮) સો ટકા. હા, ઓ પ્રભુ, હું આ રહયો, આજે મારો ઉપયોગ કરો; તમારી ઇચ્છા પ્રમાણે કરવા હું તૈયાર છું; તમારી કૃપા મને આપો; તમારા નિયમથી દૂર મને જવા ન દો. (ગીતશાસ્ત્ર ૧૧૯:૧૯). હું મારામાં નબળો છુ અને તેથી કૃપા કરી તમારા મુલ્યવાન લોહીમાં મને પુનઃજીવીત કરો." આપણો પ્રભુ ઇશ્વર જે આપણો **પ્રાર્થનાનો ઉત્તર આપનારો છે,** તે મારી પ્રાર્થનાઓનો જવાબ આપે છે અને મારી કાળજી લે છે અને મારી શારીરીક નબળાઇ, માનવીય સહાયની અછત, નાણાં, સામાજીક સહાય વગર પણ મારી સર્વ જરૂરીયાતો પૂરી પાડે છે. તેમની કૃપા મારા માટે મારા જીવનના દરેક પાસામાં પૂરતી છે, દરેક દિવસે જેમ તેમણે ખાતરી આપી છે, **"તારે વાસ્તે મારી કૃપા બસ છે."** (કરિંથીઓને ૨જો પત્ર ૧૨:૯).

મારા વહાલા ભાઈઓ અને બહોનો, સર્વશક્તિમાન ઇશ્વર ઇસુ ખ્રિસ્ત તરફથી આ પ્રોત્સાહિત વચનો તમને આજે સહાય કરશે અને દરેક આવનાર દિવસોમાં તમે તમારા જીવનોમાં અદ્ભૂત કૃત્યો જોશો. (મિખાહ ૭:૧૫).

કૃપા કરીને યાદ રાખો, ઘણી મુશ્કેલી અને સખત મહેનત સાથે અમે આ તેમના **સાદનો પ્રતિધ્વનિ સામયિક (ઇકો ઓફ હીજ કોલ)** ૧૬ ભાષાઓમાં દર મહિને છાપીએ છીએ અને તમારા જેવા વહાલાઓને મોકલીએ છીએ, તમારા જીવનોમાં દરેક દિવસે મોટી સફળતાની અપેક્ષા સાથે, કેમ કે આ સ્વર્ગીય સંદેશાઓ અને પ્રાર્થના મુદ્દાઓ મહિનાના દરેક દિવસ માટે છે અને એમ તમે **ઇકો ઓફ હીજ કોલ** કુટુંબની સાથે ખુબ નજીક છો. તેથી મે મારા દુનિયાભરના પ્રાર્થના ભાગીદારો સાથે તમારા માટે અંગત રીતે પ્રાર્થના કરવાની જવાબદારી લીધી છે. તેથી




**CHIEF EDITORS**
Pastor S. Sam Selva Raj
Angeline Selvakumari Henry, M.A., M.Ed.
**MANAGING EDITOR**
Pastor Alex Samson Sam, B.Th., M.Div.
**ADMINISTRATION**
Bro. N. Prakasam, M.A., General Manager
**EDITORIAL BOARD**
Sis. Jesy Veena Sam
Bro. M. Paulraj, M.A., B.Ed.
Sis. Serena Bevin, M.A., M. Phil., B.Ed.
**ADVISORY BOARD**
Adv. Jose Abraham
Adv. N. Balaji, B.Com., B.L.
Dr. S. Rabinder Boaz, M.S.
Er. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM)
Aud. K. Puratchivendan, M.Com., B.L.
Bro. Rajeswaran Samuel, B.Com.
**PUBLISHER & PRINTER**
Pastor S. SAM SELVA RAJ
**Echo of His Call Printers**
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
**Phone :** (+91-44) 2852 8282
2852 9293, 2854 7766
**Email :** sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in
**Websites :**
www.echoofhiscall.org
www.echoofhiscall.com

**Our Ministries:** ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) BIBLECOR - Postal Courses (3 languages) Theological Correspondence Courses (2 languages) Church Planting Nehemiah Bible Colleges Gospel Printing Press Great Commission Partners Village English High School Crusades 100 Prayer Warriors Community Development

આત્મવિશ્વાસ રાખો કે તમે દરેક સમયે પ્રાર્થનાના આવરણ હેઠળ છો. પ્રભુ ઇસુ ખ્રિસ્તે આ અમને આપ્યું છે.

હું ખુશ છું કે તમે અમારૂં સામાયિક ખુબ ઊંડાણથી વાંચો છો. તેનું ઉદાહરણ બતાવતા જણાવું છું કે **ઇકો ઓફ હીજ કોલ,** નવેમ્બર ૨૦૧૯ના તામિલ અંકમાં, ૨૭ નવેમ્બરના પ્રાર્થના મુદ્દામાં ત્યાં એક છાપખાનાની ભૂલ થઈ હતી. તે પ્રાર્થના મુદ્દા બાબતમાં અર્થ પૂછવા માટે તમારા જેવા દુનિયાભરના લોકો તરફથી મને ભરપૂર દૂરધ્વનિ કોલ્સ મળ્યા હતા! અમે તેમની કદર કરીએ છીએ. અમે તે ભુલ બદ્દલ માફી માગીએ છીએ.

અમે અમારા **પ્રાર્થના ભાગીદારોનાં** ખુબ આભારી છીએ જેમણે તમારા જેવા વાંચકોની જરૂરીયાતો માટે પ્રાર્થના કરવાની જવાબદારી લીધી છે તે જ પ્રમાણે **ઇકો ઓફ હીજ કોલ, વિશ્વાસના ભાગીદારો** જેઓ પ્રાર્થના કરે છે અને દરેક મહિને દાન મોકલે છે, **જીવન ભાગીદારો** (જેઓ એક સાથેનું દાન જમા કરાવી દે છે) **લવાજમ ભાગીદારો** જેઓ **ઇકો ઓફ હીજ કોલને** માટે પ્રાર્થના કરે છે અને લવાજમ મારફત સહાય કરે છે તેમના દશકાની અમારી સાથેની અથક ભાગીદારી સાથે અને **મહાન આદેશના ભાગીદારો** જેઓ પ્રાર્થના કરે છે અને ઇશ્વરનું કાર્ય કરે છે.

અમે **ઇકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રીજના ૫૧માં વર્ષ માટે ઇશ્વરનો આભાર માનીઓ છીએ. ઇશ્વરની સેવાના પ્રચાર માટે, સુવાર્તા પત્રિકાઓ મારફત, આગેવાનોને તૈયાર કરતા, મંડળીઓ ઊભી કરતા અને ભારત, નેપાળ, પાકીસ્તાન, બાંગલાદેશ અને શ્રીલંકાના કચડાયેલા લોકો માટે સામાજીક કામોને ચલાવતા, મારે ભારતભરમાં મુસાફરીઓ કરવી પડે છે. હું ઇશ્વર આગળ મારી જાતને નમ્ર કરૂં છું અને **નીચે દર્શાવેલી જરૂરીયાતો માટે પ્રાર્થના કરવા વિનંતિ કરૂં છું જેથી તેમનું દેશો માટેનું દર્શન પરીપૂર્ણ થાયઃ**

૧. જેઓ અમને પ્રેમ કરે છે, અમારા પર વિશ્વાસ રાખે છે, અમારા માટે પ્રાર્થના કરે છે અને અમને નાણાંકિય સહાય કરે છે તેમની સાથે ઇશ્વરની કૃપા રહો.

૨. ઇશ્વરનો સહાયનો હાથ અમારી સાથે નાણાંકિય રીતે હો, કેમ અમારી પાસે અમારી રોજની જરૂરીયાતો પૂર્ણ કરવા નિયમિત આવક નથી. કેમ કે અમે દરેક બાબત અમારા પ્રભુ ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ રાખીને કરીએ છીએ.

૩. ઇશ્વરનો સહાય કરનારો હાથ, અમારા મુખ્ય કાર્યાલયનાં સાથી કાર્યકરો, શાખા કાર્યાલયો, મંડળીઓ, સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન ઉચ્ચ શાળા, નહેમ્યાહ બાઈબલ કોલેજો (બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમ), ઇશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ, છાપખાનું, સહસંપાદકો અને તેમના સાથી કાર્યકરો, મિશન કેન્દ્રો વગેરે સાથે ખાસ અભિષેક અને સામર્થ્ય હો, જેથી તેઓ બધા સજ્જ અને સશક્ત બને.

૪. મને વધુ નવા અભિષિક્ત કાર્યવાહકો, નિમ્ન કાર્યવાહકો, આત્મિક આગેવાનો, કંપ્યુટર જાળવણીના વિસ્તારમાં, છાપખાના, ઉચ્ચ શાળામાં, બાઈબલ કોલેજોમાં, કાર્યાલય વહીવટમાં, મીડીયા પ્રચારમાં, મિશનરી કામોમાં, દેખરેખ રાખવામાં અને અન્ય જાળવણીમાં કુશળ કારીગરોની જરૂર છે.

૫. મારી પત્નિ જેસી વીણા સામની તંદુરસ્તીએ મને ઘણી વખત ઘણો બેચેન કર્યો હતો કેમ કે તે ફેફસાની બિમારીથી પીડાય છે. જો કે વર્ષ ૨૦૧૮માં ડોકટરોઓ આશા છોડી દીધી હતી, ઇશ્વરે તેને મારી સહાયકારી તરીકે હજુ રાખી છે.

૬. મારો પુત્ર પાળક એલેક્ષ સેમસન સામ ખાસ બોલાવવાથી, પ્રતિભાઓથી, ઉત્સાહથી આશીર્વાદિત છે ઇશ્વરની મિનિસ્ટ્રી માટે. તેના ઇશ્વરવિદ્યાના અભ્યાસ પછી, તે મારી સાથે ઇશ્વરની સેવા કરી રહયો છે અને મારી ઘણી જવાબદારીઓ ઉપાડી લીધી છે. તેની સ્વસ્થ તંદુરસ્તી માટે અને તેના ઇશ્વરના કામમાં વધુ સામર્થ્ય અને શક્તિ માટે તેને તમારી ખાસ પ્રાર્થનાઓની જરૂર છે.

૭. મારી દિકરી એક્ઝલાઇન સેલ્વકુમારી હેન્રી હમણા ભારતની બહાર છે. તે ઘણી પ્રતિભાશાળી વ્યક્તિ છે જે મોટા કામો ઇશ્વર માટે કરી શકે છે. અમે ઇશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે તેણી પાછી આવી શકે અને આ મિનિસ્ટ્રીમાં તેણીની જવાબદારીઓ ઊપાડી શકે.

હું યાદ કરું છું અને પ્રાર્થના કરૂં છું મારા જૂના મિત્રો અને સહાયકો માટે અને તેમના પરીવારો માટે આ ૨૦૨૦ના નવા વર્ષમાં મધૂર સંભારણા સાથે. મારા દુનિયાભરનાં વાચકો, મિત્રો અને સહાયકોને ફરી એક વાર સલામ કહું છું આપણા પ્રભુ અને તારનાર ઇસુ ખ્રિસ્તના કદિ અપૂર્ણ નહિ રહેનાર અને પવિત્ર નામમાં!

***નાતાલની અને ૨૦૨૦ના આશીર્વાદિત નવા વર્ષની સારી શુભેચ્છાઓ !***

**ઇસુ ખ્રિસ્તમાં તમારો સેવક,**
**એસ. સામ. સેલ્વરાજ**

(પાન ૧ થી આગળ)

આકાશમાંના અમારા બાપ, તારૂં નામ પવિત્ર મનાવો, તારૂં રાજ્ય આવો, જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તારી ઇચ્છા પૂરી થાઓ; દિવસની અમારી રોટલી રોજ રોજ અમને આપ, અને અમારાં પાપ અમને માફ કર; કેમ કે અમે પોતે પણ અમારા દરેક ઋણીને માફ કરીએ છીએ, અને અમને પરીક્ષણમાં ન લાવ; પણ ભૂંડઈથી અમારો છૂટકો કર.

તેણે તેઓને કહયું કે તમારામાંના કોઈને મિત્ર હોય અને મધરાતે તે તેની પાસે જઈને તેને એવું કહે કે, મિત્ર, મને ત્રણ રોટલી ઉછીની આપ, કેમ કે મારો એક મિત્ર મુસાફરીએથી મારે ત્યાં આવ્યો છે; તેની આગળ પીરસવાનું મારી પાસે કંઈ નથી. તો શું, તે માંહેથી ઉત્તર આપતા એમ કહેશે, કે મનો તર્દી ન દે; હમણા બારણું બંધ છે અને મારા છોકરાં મારી પાસે ખાટલા છે, હું તો ઊઠીને તને આપી શકતો નથી! હું તમને કહું છું કે તે તેનો મિત્ર છે, તેને લીધે તે ઊઠીને તેને નહિ આપે, તો પણ તેના આગ્રહને લીધે તે ઊઠશે અને જોઈએ તેટલી રોટલી તેને આપશે. હું તમને કહું છું કે માગો, તો તમને આપવામાં આવશે, શોધો તો તમને જડશે, ઠોકો તો તમારે સારૂં ઉઘાડવામાં આવશે. કેમ કે જે કોઈ માગે છે તે પામે છે; જે શોધે છે તેને જડે છે; અને જે ઠોકે છે તેને સારૂં ઉઘાડવામાં આવશે. વળી તમારામાંના કોઈ બાપની પાસેથી જો તેનો છોકરો રોટલી માગે તો શું તે તેને પથ્થર આપશે? અથવા જો માછલી માગે તો શું માછલીને બદલે તે તેને સાપ આપશે? અથવા

તે ઇંડું માગે તો શું તેને વીંછું આપશે? માટે જો તમે ભૂંડા છતાં તમારા છોકરાને સારા દાન આપી જાણો છો, તો આકાશમાંના બાપની પાસેથી જેઓ માગે, તેમને તે પવિત્ર આત્મા આપશે, તે કેટલું વિશેષ ખાતરીપૂર્વક છે?"

શિષ્યોએ જે પ્રશ્ન પૂછ્યો તેના જવાબમાં ઇસુએ કહયું કે પ્રાર્થનાઓમાં નીડરતા અને સાતત્યતા રાખવી કેટલું મહત્વનું છે. ઇસુએ તેજ દ્રષ્ટાંતમાં નિર્દેશ કર્યો છે કે ઇશ્વર પ્રાર્થનાનો જવાબ આપે છે. પવિત્રશાસ્ત્રના તે વખતના સમયમાં કોઈ વ્યક્તિને કોઈ મહેમાનની કાળજી ન રાખવાનો હક ન હતો. તે તો તેમની સંસ્કૃતિનો ભાગ હતો. જો કે તે માણસ ખાટલામાં પહેલેથી આરામ કરતો હતો અને રાત્રે તેનુ ઘર બંધ કર્યુ હતું તો પણ તેની જબાવદારી હતી તેના પડોશીને મદદ કરવાની કેમ કે ગામના ગૌરવનો સવાલ હતો. જો કે તે માણસે વારે ઘડી દરવાજો ઠોકવો પડતો હતો, તો પણ તે જણતો હતો કે તેને મદદ મળશે. ક્યારેક આપણે વારંવાર પ્રાર્થના કરવી જોઈએ આપણા કરાર માટે અને ઇશ્વરે જે વચન આપ્યું છે તેને કારણે, કેમ કે આપણે જાણીએ છીએ કે ઇશ્વર જવાબ આપશે અને તેઓ દરેક સારી અને પૂર્ણ બાબત આપણને પૂરી પાડશે જે આપણને નુકસાનકારક નથી.

**વિશ્વાસની પ્રાર્થના :**

**માર્ક ૧૧: ૨૩-૨૫: "કેમ કે હું તમને ખચીત કહું છું કે જે કોઈ આ પર્વતને એમ કહે કે ખસેડાઈ જા, ને સમુદ્રમાં નંખા; અને પોતાના હૃદયમાં સંદેહ ન આણતા વિશ્વાસ રાખશે કે જે હું કહું છું તે થશેઃ તો તે તેને વાસ્તે થશે. એ માટે હું તમને કહું છું કે પ્રાર્થના કરતાં જે સર્વ તમે માગો છો, તે અમે પામ્યા છીએ. એવો વિશ્વાસ રાખો, તો તે તમને મળશે. અને જ્યારે જ્યારે તમે ઊભા રહીને પ્રાર્થના કરો છો, ત્યારે ત્યારે જો કોઈ તમારો અપરાધી હોય, તો તેને માફ કરો, એ માટે કે તમારો બાપ જે આકાશમાં છે, તે પણ તમારા અપરાધો તમને માફ કરે."**

આ તો જ્યારે આપણે કોઈ વ્યક્તિના સાજાપણ માટે પ્રાર્થના કરીએ, ત્યારે તે મહત્ત્વનું નથી કે તે વ્યક્તિ કેમ માંદો પડ્યો. પ્રાર્થના કરવી અને ઉપવાસ કરવો સારી વાત છે. આપણે નિશ્ચયથી અને નિષ્ઠાપૂર્વક પ્રાર્થના કરીએ તેનો અર્થ એ નથી કે તે ઇશ્વરનો સમય છે અથવા તેમની ઇચ્છા પ્રમાણે છે. ફક્ત ઇશ્વર તેમનો સમય જાણે છે. જો આપણે પ્રાર્થના કરીએ અને પવિત્રશાસ્ત્ર બરાબર વાંચીએ તો આપણે ઇશ્વરની ઇચ્છા જાણી શકીએ પણ ઇશ્વરનો સમય તો તેમનો છે. આપણો પ્રાર્થના કરતા થોભી શકીએ નહિ કારણ કે ત્યાં પવિત્ર આત્મા આપણને સહાય કરવા છે ઇશ્વરની ઇચ્છા શોધવા અને પ્રગટ કરવા. આપણે વિશ્વાસ કરવાનું છોડી શકીએ નહિ અને ઇશ્વરને છોડી શકતા નથી.

**પ્રેરિતોનાં કૃત્યો ૨૮:૮ "તે વખતે પબ્લિયસનો બાપ તાવથી તથા મરડાથી પીડાતો હતો; પાઉલે તેની પાસે અંદર જઇને પ્રાર્થના કરી, અને તેના પર પોતાનો હાથ મુકીને તેને સાજો કર્યો."**

પાઊલ માલ્ટા બેટ પર હતો. પબ્લિયસનો બાપ માંદો હતો અને તેને સાજાપણની જરૂર હતી. પવિત્રશાસ્ત્ર સ્પષ્ટ બતાવે છે કે સાજાપણા માટે તે વ્યક્તિના પર હાથ મૂકતા પહેલા પાઊલ પ્રેરિત ઇશ્વર આગળ પ્રથમ પ્રાર્થના કરવાની જરૂરીયાત સમજ્યો હતો. ઘણી વખત જ્યારે આપણો માંદાઓની મુલાકાત લઈએ છીએ ત્યારે કેટલીક ભૂલો કરતા હોઈએ છીએ જેમાંની આ એક છે. આપણે સમજણ, કહાપણ, કરુણા અને દોરવણી માટે ઇશ્વરને પ્રાર્થના કરતા નથી. આપણે પ્રથમ પ્રાર્થના કરીએ ત્યારે ઇશ્વર આપણને દોરવણી આપશે કે ઇશ્વરના સજાપણાંનું સામર્થ્ય કેવી રીતે કામ કરશે, ત્યાર પછી ખાતરી સાથે, પાઊલની જેમ, તે

(પાન ૬ પર...)


## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે એક પત્રવ્યવહાર અભ્યાસક્રમ રજુ કરીએ છીએ જે બાઈબલના મળભૂત સત્યો વિશે છે જે નવા ખ્રિસ્તીઓ અને બીન-ખ્રિસ્તીઓ માટે અંગ્રેજી, હિન્દી અને તામિલમાં ચાલે છે. તમે અભ્યાસક્રમનું પુસ્તક કે જેનુ મથાળું-"નવુ જીવન-તમારા માટે" છે અને જે ૭૦ પાનાનું છે, તે મેળવી શકશો. અભ્યાસક્રમ પૂર્ણ થયા પછી, તમને એક પ્રમાણપત્ર મળશે. **આ માટે શુલ્ક ફી ફરજીયાત નથી.** આ અભ્યાસક્રમ ફક્ત ભારતમાં રહેતા ઉમેદવારો માટે જ છે.

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અદ્યતન અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** કહેવાય છે, તે પાળકો માટે, સુવાર્તિકો માટે અને ખ્રિસ્તી આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂ.૧૦૦૦/- ફી શુલ્ક આના માટે લેવામાં આવે છે. સાત પુસ્તકો, ૧૪૨ પ્રકરણો સાથે આપવામાં આવે છે. **મિનિસ્ટ્રીમાં પ્રમાણપત્ર** આપવામાં આવશે.

*For more details, write to us:*



**The Chairman, Nehemiah Bible College, Echo of His Call**
10, Mohammed Abdullah 2nd Street, Opp. Cricket Stadium,
Chepauk, Chennai - 600 005, India.
**Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766, Cell : (+91) 98410 71852 95661 31858. E-mail : biblecor@yahoo.co.in**


**અમારી બેન્ક ખાતાની જાણકારી નીચે મુજબ છે મહેરબાની કરીને તમારા રકમની વિગતો અમને જણાવો.**

The details of our Bank Accounts are given below. Please inform us the details of your remittances.

| Bank | Branch | Name | IFSC Code No. | Account Number |
|---|---|---|---|---|
| 1. STATE BANK OF INDIA | Triplicane, Chennai -5 | S. Sam Selva Raj | SBIN 0000249 | 102329 34679 |
| 2. ICICI BANK | Anna Salai, Chennai -2 | Echo of His Call | ICIC 0006038 | 6038 05022319 |

# મહાન આદેશના ભાગીદારો

વંહેચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર૧૨:૧૩), અને ઝડપ કરવી (૨ તિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ અને પ્રાર્થનાની વિનંતીઓ / મુદ્દાઓ- ૧૯ જાન્યુઆરી ૨૦૨૦ થી ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૦ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ઈશ્વર કાર્ય કરે છે. સ્તુતિનાં મુદ્દાઓ / વિનંતિઓ

૧૯ જાન્યુઆરી : ઇશ્વરે અમારી નવા વર્ષની રાત્રી ભજનસેવાને આશીર્વાદિત કરી છે.

૨૦ જાન્યુઆરી : **દુનિયાભરની જાગૃતિ માટેના ૧૦૦ પ્રાર્થના યૌદ્ધાઓની સેવાને** ઇશ્વર આશીર્વાદિત કરી રહ્યા છે.

૨૧ જાન્યુઆરી : અમારા મિશન વિસ્તારોમાંથી અમને સારા અહેવાલો મળી રહ્યા છે.

રહેલા બીલોની ચૂકવણીમાં ઇશ્વરે સહાય કરી છે.

૨૩ જાન્યુઆરી : **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન શાળાના** શિક્ષકો માટે આવો ઇશ્વરની સ્તુતિ કરીએ.

છાપખાનામાં છપાય છે અને મિશન વિસ્તારોમાં મોકલાય છે, તેને ઇશ્વરે આશીર્વાદિત કર્યુ છે.

૨૫ જાન્યુઆરી : અમારા બાઇબલકોર-બાઇબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમ અને ઇશ્વરવિદ્યાનાં પત્રવ્યવહાર અભ્યાસક્રમો માટે આવો ઇશ્વરની સ્તુતિ કરીએ.

સહ સંપાદકો અને તેમના પરીવારના સભ્યો માટે આવો ઇશ્વરની સ્તુતિ કરીઓ.

માટે આવો ઇશ્વરની સ્તુતિ કરીએ.

૨૮ જાન્યુઆરી : અમારા પ્રાર્થના ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનમાં ભાગીદારો, લવાજમ ભાગીદારો, મહાન આદેશના ભાગીદારો માટે અને તેમના પરીવારના સભ્યો માટે આવો પ્રાર્થના કરીએ.

૨૯ જાન્યુઆરી : અમારા નહેમ્યાહ બાઈબલ કોલેજોની સર્વ પ્રવૃત્તિઓને ઇશ્વરે આશીર્વાદિત કરી છે.

૩૦ જાન્યુઆરી : અમારી સર્વ મિશન મુસાફરીઓને ઇશ્વરે આશીર્વાદિત કરી છે.

**ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજની** સર્વ પ્રવૃત્તિઓને ઇશ્વરે આશીર્વાદિત કરી છે.

તેમના કુટુંબના સભ્યોને ઇશ્વર સર્વ દુષ્ટ પરીબળોથી રક્ષણ આપે છે.

## પ્રાર્થનાનાં મુદ્દાઓ / વિનંતિઓ

૦૪ ફેબ્રુઆરી : વર્ષ ૨૦૨૦ માં **ઇકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રીજ માટે જરૂરી ભંડોળ ઇશ્વર પૂરૂ પાડે.

૦૫ ફેબ્રુઆરી : વર્ષ ૨૦૧૯માં અમારા મિશન વિસ્તારોની મુલાકાત અમારા જે મિત્રોએ લીધી તેમને ઇશ્વર આશીર્વાદ આપે.

૦૬ ફેબ્રુઆરી : વર્ષ ૨૦૨૦ના નવા વર્ષમાં ઇશ્વર તમે સર્વને આશીર્વાદ આપે.

૦૭ ફેબ્રુઆરી : નશીલી દવાઓનાં વ્યસનમાંથી લોકોને ઇશ્વર છોડાવે.

૦૮ ફેબ્રુઆરી : સર્વ સંપ્રદાયની મંડળીઓનાં વિશ્વાસીઓએ એકબીજા સાથે સ્નેહ જાળવવો જોઈએ.

૦૯ ફેબ્રુઆરી : ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજને જેઓ સહાય કરે છે અને પ્રાર્થના કરે છે તેમને માટે આવો પ્રાર્થના કરીએ.

૧૦ ફેબ્રુઆરી : મૂર્તિઓની ભક્તિને કારણે રાત્રીઓમાં જે ધ્વનિપ્રદૂષણ થાય છે તેને ઇશ્વર બંધ કરાવે.

૧૧ ફેબ્રુઆરી : ઉત્તર ભારતીય મિશનરીઓનાં રક્ષણ માટે અને ઇશ્વરની દોરવણી માટે આવો પ્રાર્થના કરીએ.

૧૨ ફેબ્રુઆરી : અમારા **નેહમ્યાહ બાઈબલ કોલેજો** માટે વર્ષ ૨૦૨૦-૨૦૨૧ના વર્ષમાં ઇશ્વર યોગ્ય વિદ્યાર્થીઓ પૂરા પાડે.

૧૩ ફેબ્રુઆરી : અમારા **સુવાર્તા છાપખાના** માટે અમને ઇશ્વરની દોરવણીની જરૂર છે.

૧૪ ફેબ્રુઆરી : દુનિયાભરના સર્વ રાજકીય પક્ષો અને તેમના આગેવાનો માટે.

૧૫ ફેબ્રુઆરી : ઇશ્વર દુનિયાભરમાં શાંતિ મોકલે.

૧૬ ફેબ્રુઆરી : અમારા ચર્ચોના સાથી કાર્યકરો પર, સામયિકો પર, શાળા પર, બાઈબલ કોલેજો પર, છાપખાના પર અને વહિવટ પર તાજા અભિષેક માટે.

૧૭ ફેબ્રુઆરી : પાડોશી દેશો જેવા કે નેપાળ, પાકિસ્તાન અને બાંગલાદેશ.

૧૮ ફેબ્રુઆરી : અમારા વડિલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના કુટુંબના સભ્યોને દરેક દુષ્ટ પરીબળોથી ઇશ્વર રક્ષણ પુરૂ પાડે.

(પાન૪ થી આગળ...)

વ્યક્તિ પર ઇશ્વરની આજ્ઞામાં હાથ મૂકી શકીએ કે ઇશ્વરની સૂચના શું છે.

**૧ યોહાન ૫:૧૪-૧૫: "તેના વિષે આપણને જે હિંમત છે તે એ કે જો આપણે તેની ઇચ્છા પ્રમાણે કંઈ માગીએ, તો તે આપણું સાંભળે છે. અને જો આપણે જાણીએ કે જે કંઈ આપણે માગીએ તે સંબંધી તે આપણું સાંભળે છે, તો આપણે તેની પાસે જે માગ્યું છે તે આપણને મળે છે, એ પણ આપણે જાણીએ છીએ."**

ઇશ્વરનું સામર્થ્ય આપણા પર આવશે જ્યારે તેમની ઇચ્છા પૂરી થશે. ઇસુ આપણું ઉદાહરણ છે. તેઓ ઇશ્વર છે અને તેઓને નક્કી હક છે કે જે તેઓ ઇચ્છે છે તે તેઓ કરે. પણ આપણે વાંચીએ છીએ કે તેમણે જે કંઈ કર્યુ, જે તેઓ કરે તે પહેલા, તેઓ હમેશાં તેમના પિતાની ઇચ્છા જાણવા માંગતા હતા. જ્યારે આપણે પિતાની ઇચ્છા શોધીશું ત્યારે આપણે પ્રાર્થના કેવી રીતે કરવી તે જાણી શકીશું, જેમ આપણે કરવુ જોઈએ. આપણી પ્રાર્થનાઓનો જવાબ કેવી રીતે મળે તે આ છે. જ્યારે આપણે ઇશ્વરની ઇચ્છા જાણીએ છીએ અને આપણે તેમની આગળ શરણે જવા તૈયાર થઈએ છીએ, ત્યારે આપણે તેમની ઇચ્છા પ્રમાણે પ્રાર્થના કરીએ છીએ, નહિ કે આપણી ઇચ્છા પ્રમાણે.

**રોમનોને પત્ર ૮:૨૬-૨૭: "તે પ્રમાણે પવિત્ર આત્મા પણ આપણી નિર્બળતામાં આપણને સહાય આપે છે, કેમ કે યથાયોગ્ય શી પ્રાર્થના કરવી એ આપણે જાણતા નથી, પણ આત્મા પોતે અવાચ્ય નિસાસાથી આપણે સારૂ મધ્યસ્થતા કરે છે. અને આત્માની ઇચ્છા શી છે તે અંતર્યામી જાણે છે, કેમ કે તે પવિત્રોને સારૂ દેવની ઇચ્છા પ્રમાણે વિનંતી કરે છે."**

આપણે જાણતા નથી કે ઇશ્વરની ઇચ્છા પ્રમાણે શું પ્રાર્થના કરવી. તે તો આપણામાંનો પવિત્ર આત્મા છે જે આપણને સહાય કરતા, આપણી પ્રાર્થના પર અભિષેક કરે છે, જેથી તે ઇશ્વરની ઇચ્છા પ્રમાણે થાય. જ્યારે આપણે પવિત્ર આત્માને આમંત્રણ આપીએ છીએ, આપણને પ્રાર્થનામાં સહાય કરવા, ત્યારે આપણે બે રીતનો વાતચીતનો માર્ગ ખુલ્લો કરીએ છીએ, ઇશ્વર અને આપણી વચ્ચેનો. તેથી આપણને પવિત્રઆત્મા આપવામાં આવ્યો છે.

**યોહાન : ૧૪:૨૬: "પણ સંબોધક એટલે પવિત્ર આત્મા, જેને બાપ મારે નામે મોકલી દેશે, તે તમને બધું શીખવશે અને મેં જે જે તમને કહયું તે બધું તે તમારા સ્મરણમાં લાવશે."**

**યોહાન ૧૬:૧૩-૧૫ "તો પણ જે સત્યનો આત્મા, તે જ્યારે આવશે, ત્યારે તે તમને સર્વ સત્યમાં દોરી જશે, કેમ કે તે પોતાના તરફથી બોલશે નહિ, પણ જે કંઈ તે સાંભળશે તે જ તે બોલશેઃ અને જે જે થનાર છે તે તમને કહી દેખાડશે. તે મને મહિમાવાન કરશે, કેમ કે મારૂં જે છે તેમાંનું લઈને તે તમને કહી દેખાડશે. જે બાપનાં છે, તે સર્વ મારાં છે; અને તેટલા માટે મેં કહયું કે, મારૂં જે છે તેમાંનું લઈને તે તમને કહી દેખાડશે."**

આપણે પ્રાર્થના શરૂ કરવા પહેલા પવિત્ર આત્માને આમંત્રણ આપવું જોઈએ જેથી ઇશ્વરની ઇચ્છા આપણી આગળ પ્રગટ થાય. તે આપણા આત્મામાં તે સીધી રોપી શકે. (પ્રેરિતોનાં કૃત્યો ૧૧:૧૨), આપણને દર્શન આપીને (પ્રેરિતોનાં કૃત્યો ૧૦:૯-૧૮) અથવા આપણી સાથે શ્રાવ્ય અવાજમાં વાત કરીને (પ્રેરિતોના હત્યો ૯:૪-૫) અથવા આપણને સ્વપ્નમાં દર્શાવીને (માથ્થી ૧:૨૦-૨૧) અથવા પવિત્ર આત્માનાં બોજ તરીકે (રોમનનો પત્ર ૮:૨૬) અથવા સંદર્શન મારફતે (૧ કરીંથીઓને પત્ર ૧૪:૩) અથવા કોઇક બીજા મારફતે (પ્રેરિતોના કૃત્યો ૧૫:૨૮) અથવા આપણને ઇશ્વરના વચન તરફ દોરવણી આપતા (તિમોથીને ૧લો પત્ર ૩:૧૫-૧૬). તેનાથી કોઈ મહત્ત્વનું નથી કે તે કેવી રીતે થયું જ્યાં સુધી આપણે ઇશ્વરના આત્મા સાથે કામ કરીએ છીએ. જ્યારે આપણે પવિત્ર આત્મા સાથે સહકાર કરીએ છીએ, આપણી


## જોઈએ છે

ઇકો ઓફ હીજ કોલ જે અંગ્રેજી, તામિલ, મલયાલમ, તેલગું, હિન્દી, કન્નડા, મરાઠી, આસામીજ, બંગાલી, ઉર્દુ, ગુજરાતી, નેપાળી, ઓડીયા, પંજાબી, સિંહાલા અને આફ્રિકન્સ ભાષાઓમાં પ્રકાશિત થાય છે, તેને માટે નીચે મૂજબની જરૂરીયાતો છેઃ

૧. વહિવટી કાર્યવાહકો
૨. લેખકે (આત્મિક સંદેશાઓ અને લેખો)
૩. ચર્ચોમાં ભાષાંતર કરનારાઓ (ભારતની સર્વ ભાષાઓમાં)
૪. સર્વ ભારતીય ભાષાઓમાં પુસ્તક ભાષાંતરકારો
૫. મુખ્ય કાર્યાલય માટે સહસંપાદકો
૬. છાપખાના કામગારો
૭. વાહન ચાલકો
૮. શાળા શિક્ષકો
૯. શાળા માટે નાયબ આચાર્યો
૧૦. બાઈબલ કોલેજો માટે પ્રાધ્યાપકો
૧૧. કાર્યાલય કર્મચારી વર્ગ જેને સંગણકની સાથે ટંકલેખન, ડી.ટી.પી. વગેરેની જાણકારી હોય.

અમને ઉચ્ચ સમર્પિત વ્યક્તિઓની જરૂર છે. અમે સારો પગાર આપીશું. મહેરબાની કરીને તમારી સીવી/બાયોડાટા તમારા માસિક પગારની અપેક્ષા સાથે અમારા કાર્યાલય પર પત્ર કે ઇમેલ દ્વારા મોકલોઃ

ઇમેલ sam@echoofhiscall.org અથવાWhatsup no. +919841071858

**એસ. સામ સેલ્વારાજ**
સંપાદક અને પ્રકાશક



ઇકો ઓફ હીજ કોલ
**ECHO OF HIS CALL,**
10, Mohammed Abdullah II Street, Chepauk, Chennai - 600 005, India.
Ph.: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766
E-mail: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites : www.echoofhiscall.org / www.echoofhiscall.com

પ્રાર્થનાઓને મોટી શક્તિ મળે છે.

જો ઇશ્વર તેમની સારી ઇચ્છા તે વ્યક્તિનાં જીવનમાં કરે છે, તેનામાં વધુ પવિત્રતા અને વિશ્વાસ લાવવા માટે અને તેઓ તે માંદગી અને પીડા મારફત તે કરે છે, તો આપણે તે વ્યક્તિના શરીરમાં સંપૂર્ણ તંદુરસ્તી માટે પ્રાર્થના કરવાની જરૂર છે, જેથી જ્યારે તે વ્યક્તિએ ઇશ્વર જે મંજૂર કર્યુ તે મેળવ્યું છે તો તે સાજાપણુ પામે. સાંજાપણાનો પર્યાય ઇશ્વરના હાથમાં છે. આપણને પવિત્રશાસ્ત્રમાં નિર્દેશ આપવામાં આવ્યો છે જે જરૂરીયાત આપણને લાગે કે વાજબી છે તેને માટે પ્રાર્થના કરવી. ઇશ્વર પ્રાર્થનાનો જવાબ આપવા સમર્થ છે અને તે આપણને પ્રગટ કરવા સમર્થ છે જો તેઓ તે વ્યક્તિને સાજાપણું તે સમયે આપવા માગે છે કે નહિં અથવા ક્યારે પણ નહિ. જે ઇશ્વર તે જરૂરીયાત ઓળખશે અને તે તેમની યોજનામાં હશે અથવા ઉદ્દેશમાં તો તેઓ સાંજાપણું આપશે.

તો વાજબી જરૂરીયાત શું છે? આપણે ચોક્કસ માનવું કે ઇશ્વર આપણા સ્વર્ગીય પિતા છે અને તેઓ આપણાથી કંઈ પણ રાખી મૂકશે નહિ જે આપણા માટે સારૂં અને સુખકારી હશે. જ્યારે મારા બાળકો તેમની જરૂરીયાતો અને ઇચ્છાઓ સાથે મારી પાસે આવે છે, તો હું તેમાંની કેટલીક જરૂરીયાતો અથવા વિનંતિઓ માટે તાત્કાલિક કે મહત્ત્વની બાબત છે એમ જોતો નથી. તેથી હું ખરાબ પિતા બનતો નથી. પણ હું તેમના કરતા વધારે જાણું છું અને હું જાણું છું તેમના માટે સારૂં શું છે અને શાથી તેઓને લાંબા ગાળે નૂકસાન થશે. મારો નિર્ણય તેમની વિનંતીઓ માન્ય કરવાનો, ફક્ત તેમને ખૂશ કરવા માટે નથી, પણ તેથી તેઓ કેવી રીતે વિકાસ પામે, આગળ વધે, મોટા થાય અને ખરાબ માર્ગોથી દૂર રહે તે છે. આપણે ઘણી વખત અભિવ્યક્તિનો ઉદ્ગાર કાઢીએ છીએ, "તેને કારણે તારા કરતાં હું વધારે દુઃખી થયો છું!" કારણ કે ક્યારેક આપણા બાળકો રડશે અને કેટલીક વાર તેઓ દુઃખી થશે. પણ આપણે તેમનો વિકાસ થવા દેવો જોઈએ.

**ગીતશાસ્ત્ર ૮૪:૧૧** "કેમ કે યહોવા દેવ સૂર્ય તથા ઢાલ છે; યહોવા કૃપા તથા ગૌરવ આપશે; ન્યાયથી વર્તનારને માટે તે કંઈ પણ સારૂં વાનું રોકી રાખશે નહિ."

જો આપણા માટે આપણા સર્વ જાણકાર ઇશ્વરીય દ્રષ્ટિથી સાજાપણું સારૂં છે તો ઇશ્વર તે તેના વહાલા બાળકોથી રોકી રાખશે નહિ. જ્યારે આપણે પ્રાર્થના કરીએ ત્યારે આપણે નક્કી સ્વીકારવાનું કે ઇશ્વર આપણને ચાહે છે, આપણી કાળજી લે છે અને તેઓ આપણાથી કંઈ પણ સારૂં રોકી રાખશે નહિ. ઇશ્વર સાજો કરનાર છે અને તેમણે સાજાપણાની સેવા/મિનિસ્ટ્રી ક્યારે પણ છોડી દિધી નથી.

**ફિલિપ્પીઓને પત્ર ૪:૬-૭, "કશાની ચિંતા ન કરો; પણ દરેક બાબતમાં પ્રાર્થના તથા વિનંતીઓ વડે આભારસ્તુતિસહિત તમારી અરજો દેવને જણાવો અને દેવની શાંતિ જે સર્વ સમજશક્તિની બહાર છે, તે ખ્રિસ્ત ઇસુમાં તમારા હૃદયોની તથા મનોની સંભાળ રાખશે."**

માથ્થી ૨૧:૨૨, **અને જે કંઈ તમે વિશ્વાસ રાખીને પ્રાર્થનામાં માગશો, તે સઘળું તમે પામશો.** જ્યારે આપણે પ્રાર્થના કરીએ છીએ ત્યારે આપણે નક્કી વિશ્વાસ રાખવો જોઈએ કે તે ખરેખર થયું છે. જે કંઈ આપણે માગીએ, વિશ્વાસથી, આપણે તે માટે અગાઊથી દાવો કરવો જોઈએ આપણે તે જોઈ શકીએ તે અગાઉ. પૂરાવા અને પરિણામો કદાચ બતાવશે નહિ કે સાજાપણુ મળી ગયું છે પણ આપણે ચોક્કસ નિર્ણય લેવો જોઈએ અને વિશ્વાસ કરવો જોઈએ કે તે ખરેખર થઈ ગયું છે. આપણે આપણું સાજાપણું તે પળે મેળવી શકીએ છીએ જ્યારે આપણે પ્રાર્થના કરીએ છીએ અને વિશ્વાસ કરીએ છીએ.

કેટલાક કિસ્સાઓમાં કદાચ વાર લાગે, પણ તેનો અર્થ એ નથી કે ઇશ્વરે તે કર્યુ નથી. કેટલીક વખત જે લક્ષણો દેખાય છે આવી પ્રાર્થના પછી, તે તો શેતાનની એક રીત છે આપણા મનમાં અને હદયમાં સંદેહ લાવવાનો. ખાત્રિ કરો કે તમે ઇશ્વરને શોધો છો અને તેમના પર વિશ્વાસ કરો છો. કારણ કે હિબ્રુઓના પત્ર ૧૧:૬ આપણને કહે છે, **"જેઓ ખંતથી તેને શોધે છે તેઓને તે ફળ આપે છે..."**

ઘણાઓ ઇશ્વર પાસેથી સાજાપણું મેળવવામાં નિષ્ફળ ગયા છે. કારણ કે વિશ્વાસની પ્રાર્થના કર્યા પછી તેઓ તરત જ પરિણામો જોતા નથી અને તેઓ ઇશ્વરને સૂચનાઓ આપે છે કે તેઓ કેવી રીતે સાજા થવા જોઈએ અને તેમણે કેવી રીતે તેઓને આશીર્વાદ આપવો જોઈએ. આ પ્રાર્થનામાં મેળવવાની આવી છે કે ઇશ્વરે પ્રાર્થના સાંભળી છે તેવો વિશ્વાસ કરવો અને તેઓ તેમના નિયમથી આપણી સાથે બંધાયેલા છે આપણે, તે પ્રાર્થનાનો જવાબ આપવા. ઇશ્વર પ્રાર્થનાનો જવાબ આપશે, ધીરે ધીરે અથવા તરત જ, પણ તેઓ પ્રાર્થનાનો જવાબ આપશે.

**યોહાન ૧૬:૨૩-૨૪, "તે દહાડે તમે મને કંઈ પૂંછશો નહિ. હું તમને ખચીત ખચીત કહું છું કે, જો તમે બાપ પાસે કંઈ માગશો તો તે તમને મારે નામે તે આપશે. હજી સુધી મારે નામે તમે કંઈ માગ્યું નથી, તમારો આનંદ સંપૂર્ણ થાય માટે માગો, ને તમને મળશે."**

ઇસુ આપણા વિશે વાત કરતા હતા અને તેઓ આજના વિશે વાત કરતા હતા. આપણે ઇશ્વરના બાળકો તરીકે હવે પિતાને સીધા ઇસુના નામમાં પ્રાર્થના કરી શકીએ છીએ. તેઓ કાલવરી પર ગયા, ત્યાં સુધી તેમને પ્રાર્થના કરી ન હતી પણ ઇબ્રાહિમનાં, ઇસ્હાક અને યાકૂબના દેવને કરી હતી. ઇસુએ જે બધું જરૂરી હતું તે કર્યુ જેથી આપણે ઇસુના નામમાં પિતાને પ્રાર્થના કરી શકીએ. પવિત્રશાસ્ત્ર આપણને કહે છે કે તે બાબતો માટે આપણે કરવાની છે કે આપણો આનંદ ઉભરાય જાય. ઇસુને આપણા આનંદમાં રસ છે.

**યાકૂબનો પત્ર ૫:૧૩-૧૫, "તમારામાં**

## સમાચારો

### દર કલાકે એક દહેજ મોત

ભારતમાં અંદાજે એક મહિલા દર કલાકે મોતને ભેટે છે દહેજ સંબંધિત ગુનાઓનાં કારણે, જો કે આ પ્રથા છેલ્લા ૫૦ વર્ષોથી ગેરકાયદેસર છે. આંકડો કદાચ બમણો હોય કેમ કે હજારો કિસ્સાઓ આકસ્મિક મોત કે આપઘાત તરીકે દર વર્ષે નોંધાય છે.

stopvaw.org.

-ફોરરનર (સપ્ટેંબર ૨૦૧૯)

**શું કોઈ દુઃખી છેઃ તો તેણે પ્રાર્થના કરવી. શુ કોઈ મગ્ન છે? તો તેણે સ્તોત્ર ગાવાં. તમારામાં શું કોઈ માંદો છે? જો હોય તો તેણે મંડળીના વડીલોને બોલાવવાઃ અને તેઓએ પ્રભુના નામથી તેને તેલ ચોળીને તેને માટે પ્રાર્થના કરવી. અને વિશ્ર્વાસ સહિત કરેલી પ્રાર્થના માંદાને બચાવશે ને પ્રભુ તેને ઉઠાડશે; અને જો તેણે પાપ કર્યાં હશે તો તે તેને માફ કરવામાં આવશે.**

અમે આ અધ્યાયમાંના લેખની ચર્ચા વડીલોની મિનિસ્ટ્રીમાં કરી છે. પણ આપણો અહીં જાણવાની જરૂર છે કે તેનો સંદર્ભ વિશ્ર્વાસની પ્રાર્થના સાથે પણ છે. આ પ્રાર્થના તો એ પ્રાર્થના છે જે વિશ્ર્વાસના દૈવી સંકલ્પથી પેદા થાય છે. જ્યારે આપણે આ પ્રાર્થનાનો વિચાર કરીએ છીએ આપવા તે નક્કી જાણવું જોઈએ તે ફક્ત વિશ્ર્વાસમાં પ્રાર્થના કરવા કરતા વધારે છે. તે તો ખાસ પ્રાર્થના છે જ્યાં ઇશ્ર્વર આપણને સાજાપણા માટે વિશ્ર્વાસ આપે છે. તે તો ઇશ્ર્વરથી પ્રેરિત પ્રાર્થના છે. જેઓને પ્રાર્થના કરવા બોલાવવામાં આવે છે તેઓ ક્યારેક તે સાજાપણા માટે પ્રાર્થના કરવા એટલા પ્રેરિત થશે કે જો ઇશ્ર્વરની ઇચ્છા હશે તો તેઓ તરત જ સાજાપણું આપશે.

માથ્થી ૧૮:૧૯-૨૦:, **“વળી હું તમને કહું છું કે, જો પૃથ્વી પર તમારામાંના બે કંઈ પણ વાત સંબંધી એક ચિત્તના થઈને માગશે, તો મારા આકાશમાંના બાપથી તેઓને સારૂં તે કરાશે. કેમ કે જ્યાં બે અથવા ત્રણ મારે નામે એકઠા થયેલા હોય ત્યાં તેઓની વચમાં હું છું.”**

આપણે આ બે વચનો સાથે લાગુ કરવા જોઈએ. તે કહે છે જો કોઈ બે જણા પૃથ્વી પર સહમત થશે, તેનો અર્થ છે તમે જ્યાં કહી પણ હો તે ફક્ત ચર્ચની સભા પૂરતું નથી. ઇસુ તે નક્કી ખાતરી કરશે કે જો આપણે તેમના નામથી પ્રાર્થના કરીશુ તો તેઓ ત્યાં તે પરિપૂર્ણ કરવા નક્કી હશે. ઇસુ ત્યાં હશે તે હકીકત જ અદ્‌ભુત છે, પણ હકીકત છે કે તે કામ કરવા માટે ફક્ત બે જ હશે તે હજુ સારૂં છે. તે એક મોટી વાત છે કે કોઇકનો સાજાપણા માટે સર્વ મંડળી એક સાથે પ્રાર્થના કરે છે. આ વચન પ્રમાણે ફક્ત બેજ જણાની આ કામ કરવા માટે જરૂર છે. સહમત થવું અહીં મુખ્ય શબ્દ છે. તે સમજવુ પણ મહત્વનું છે કે ત્યાં વિશ્ર્વાસ અને આશા વચ્ચે તફાવત છે. જ્યારે તમે કોઈ બાબતને લઈને સહમત થાવ છો, ત્યારે વિશ્ર્વાસની જરૂર હોય છે. આશા તે કરી શકે નહિ. જો તમે આશા રાખો કે ઇસુ ત્યાં છે અને તમે આશા રાખો કે તે થશે, તો તમે જે પ્રમાણે માગ્યું હશે તે પ્રમાણે થશે નહિ. ત્યાં હવે વિશ્ર્વાસ હોવો જ જોઈએ.

આપણે કોઈ વ્યક્તિને દબાણ કરી ન શકીએ કે અમે વિશ્ર્વાસ હોય માટે પ્રાર્થના કરીએ છીએ. તે તો પસંદગી હોય છે જ્યારે આપણે અવિશ્ર્વાસીને પ્રચાર કરીએ છીએ, તો આપણે આમ કહીએ તો તેનો કોઈ અર્થ નથી. “તેના ઘાથી આપણે સાજાપણું પામ્યા છીએ!” જો તેઓ સમજશે અને આત્મા તેનું પ્રગટીકરણ જોશે, તો તમે તે કહી શકો. અન્યથા, એમ કહેવું સારૂં છેઃ “જો તમે વિશ્ર્વાસ કરશો, તો તમે તે મેળવશો!” જો તેઓ વિશ્ર્વાસ કરવા તૈયાર થશે જે તેઓ કહે છે તેના પર તો, વિશ્ર્વાસનો માપદંડ પ્રવૃત્ત થશે અને તે માર્ગ ખુલ્લો કરશે ઇશ્ર્વરને પોકારવાનો. ચાલો તેમની દવા પર તેમને રહેવા દો જ્યાં સુધી ડોક્ટર તેમને બીજું કંઈ કહે.


**Echo of His Call Advertisement Rates**

| Size | One Language Only | In All 16 languages |
|---|---|---|
| Quarter Page | Rs. 2,000 | Rs. 30,000 |
| Half Page | Rs. 3,500 | Rs. 50,000 |
| Full Page | Rs. 5,000 | Rs. 70,000 |

# NEHEMIAH BIBLE COLLEGES

**ECHO OF HIS CALL MINISTRIES** (ESTD.: 1969)

**Affiliated to Hindustan Bible Institute & College (HBI), Chennai**

**&**

**Recognised by the International Christian Leaders & Senior Pastors for the 50 Years!**

**RESIDENTIAL COLLEGE, Velachery**
**(Medium: English & Hindi)**
Course : Diploma in Theology,
Qualification : 10th Standard
Period : One year (with field and administrative trainings)

Golden Opportunity!

Don't miss!!

God is Calling you!!!

**EVENING COLLEGE, Chepauk**
**(Medium : Tamil)**
Course : Diploma in Theology
*Monday, Tuesday & Thursday 6.30 PM to 8.30 PM*
(Evening Classes - Chepauk)
Qualification : 10th Standard
Period : One year (with Special Seminars on holidays)

**Pastor S. Sam Selva Raj, Founder-President**

**For more details & application forms please contact :**

NEHEMIAH BIBLE COLLEGES

10, Mohammed Abdullah 2nd Street, Bells Road, Opp. Cricket Stadium, Chepauk, Chennai - 600 005, India.

**Phone : (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766, Cell No : (+91) 98410 71852, 95661 31858**

**E.mail : sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in Websites : www.echoofhiscall.org / www.echoofhiscall.com**



# ખાડામાંથી મહેલમાં

(Life experiences of Pastor S. Sam Selva Raj)

*“whoever reads, let him understand” (Matthew 24:15)*

## તમારા માતાપિતાનો વિચાર કરો

મારો ઉછેર મારા દાદાએ અને દાદીએ તથા કુટુંબના અન્ય સભ્યોએ કર્યો હતો. કેમ કે મારા પિતા સંરક્ષણ વિભાગમાં કામ કરતા હતા. તેઓ મારો ઉછેર એક સારા ખ્રિસ્તી તરીકે થાય તેમાં ખુબ ચોક્કસ હતા અને મને આત્મિક બાબતો શીખવી હતી. તેઓ મને રવિવારની ભજનસેવામાં, બાળકો માટેની રવિવારની શાળામાં અને અન્ય આત્મિક સભાઓમાં લઇ જતા હતા જેથી ઇશ્વરનો પ્રેમ મારામાં રોપાય.

અમારા કુટુંબમાં મારા દાદા પ્રથમ હતા જેઓ ઇશ્વરના પ્રેમમાં આવ્યા. તેમનું મૂળ નામ શ્રી. એમ. નારાયણાન હતું. (હિન્દુ દેવનું નામ) અને તેઓનું નામ બદલીને શ્રી. એમ નાથાનીએલ રાખવામાં આવ્યું જ્યારે તેઓ પ્રથમ વાર ખ્રિસ્ત પાસે આવ્યા. તેઓ ઘણી જમીન અને મિલ્કત સાથે અમીર વ્યક્તિ હતા. હું જ્યારે ઘણો નાનો હતો, તેઓ મને શાળાએ, ખાસ શિક્ષણના વર્ગમાં, ચર્ચ ભજનસેવામાં, રવિવારની બાળકો માટેની શાળામાં લઈ જતા હતા અને પાછા ઘરે લાવતા હતા. તેઓ મને તેમના ખભે ઉચકીને લઈ જતા, જ્યારે હું ચાલતા થાકી જતો કેમ કે તે દિવસોમાં વાહનવ્યવહારની વ્યવસ્થા બરાબર ન હતી. તેઓ માર્ગમાં ચાલતા ચાલતા લોકોને કહેતા કે, “હું નાના ઇસુને ઉચકીને લઈ જાવ છું!”

તેઓ મને ઘણો પ્રેમ કરતા હતા અને ડાંગરના ખેતરોમાં રોપણી માટે, બળદોની સારસંભાળમાં, બળદગાડામાં, ડાંગરના ખેતરોની વસ્તુઓની ખરીદીમાં, ખેતરોમાંથી મળતી ચીજોના વેચાણમાં, તરવામાં વગેરેમાં મને સખત તાલિમ આપતા હતા.

એક દિવસ જ્યારે તેઓ તેમના ખભા પર મને ઊંચકીને ચાલતા હતા, ત્યારે તેઓ ખુબ થાકી ગયા હતા. તેથી તેમણે મને નીચે ઊતાર્યો અને એક પથ્થર પર બેઠા અને મને તેમના ખોળામાં બેસાડ્યો એ મને પૂછ્યુ, “મારા દિકરા, જ્યારે તું મોટો થઈશ ત્યારે મને તું શું આપીશ?”

મને ત્યારે ખબર પડી નહિ કે હું શું જવાબ આપુ. તેથી મેં તેમને પ્રેમથી બાથ ભરી અને તેમના ચહેરા તરફ ગંભીરતાથી જોવા લાગ્યો અને પછી અમે આગળ મુસાફરી ચાલુ રાખી.

જે સવાલ મારા દાદાએ પૂછ્યો હતો, તેનો ગંભીર પ્રભાવ મારા હૃદય પર પડ્યો હતો. હું હમેશાં તેમને કંઇક આપવા માગતો હતો. તે દિવસોમાં ચર્ચમાં જનાર લોકોમાં તારણ વિશેની એટલી સાચી સમજ ન હતી. જો કે મારા દાદા નિયમિત ચર્ચમાં જતા હતા અને એવા વ્યક્તિ હતા જે સ્થાનિક મંડળીને ઘણી સહાય કરતા, તો પણ તેઓ જણતા ન હતા કે તેમના મૃત્યુ પછી તેઓ ક્યાં જશે.

જ્યારે હું જુવાન યુવક તરીકે મોટો થયો અને પ્રભુ ઇસુ ખ્રિસ્તના સાનિધ્યમાં આવ્યો, ત્યારે પ્રભુએ મારા દાદા અને દાદી માટે મને બોજ આપ્યો, એક દિવસ જ્યારે હું તેમની સાથે બેઠો હતો ત્યારે મેં તેમને પૂછ્યુ કે જો આપણે સ્વર્ગમાં જવું હોય તો શું કરવું જોઇએ. તેઓએ કહયુ, “આપણા પાળક ફકત સ્વર્ગમાં જશે!” તે બાબતે મારા હૃદયને સ્પર્શ કરી. હું પવિત્ર આત્માથી દોરવાયો અને નિર્દોષ ખ્રિસ્તીઓની વચમાં જે અજ્ઞાન હતું તે ભુસાવવા મને પ્રેરણા મળી.

હું જ્યારે જુવાન બન્યો, દૈવી દોરવણી પ્રમાણે ભારતના દક્ષિણ ખૂણાના, તામિલનાડુંના કન્યાકુમારી જીલ્લાના, મુત્તાન નાકાના દરીયા કીનારે એક સભાગૃહમાં મેં ખાસ સભા “**ખાસ રીટ્રીટ**” નું આયોજન કર્યુ. તે મારી પ્રથમ રીટ્રીટ હતી મારી નવી મિનિસ્ટ્રીની અને ત્યારે તે “**ગુડ ન્યુઝ પ્રેયર બેન્ડ**” તરીકે ઓળખાતી હતી. હું ત્યારે ૧૮ વર્ષની ઉમરનો હતો અને હું મુખ્ય વકતા હતો. મેં મારા સર્વ મિત્રો અને કુટુંબીજનોને આમંત્રણ આપ્યં હતું અને તે સ્થળે બપોરના ભોજન સાથે અમે બળદગાડામાં ગયા. મારા દાદા અને દાદી પણ તે એક દિવસીય રીટ્રીટમાં ભાગ લેનારામાં હતા. સભા શરૂ થઈ અને મારા દાદા દાદી મારી તરફ અશ્ચર્યચકિત થઈને જોઈ રહયા હતા, “આજે મારો દિકરો શું કરવા જશે!” તેઓ ગભરાટ સાથે ચિંતાતૂર હતાં.

પણ હું ઘણો આત્મવિશ્વાસી હતો અને મારા સ્થાનિક ચર્ચના રવિવારની શાળાના શિક્ષકોએ શીખવેલ ગીતો ગાઈ રહયો હતો. જ્યારે સંદેશાનો સમય આવ્યો, ત્યારે મેં માથ્થી ૨૧:૧-૧૦માં આપેલ ગધેડા છોડાવવાના પ્રસંગ પર સંદેશો આપ્યો. સંદેશો પૂરો કરતા, મેં ગીત ગાયું. ‘‘ઓ મારા દિકરા, ઓ મારી દિકરી, શું તું મને તારૂં હૃદય આપીશ?’’ એક જૂનું ગીત જે મારા માર્ગદર્શક રેવ. એસ. દેવાદાસને લખ્યું હતું. જ્યારે આખી સભા ગાતી હતી, ત્યારે મારા દાદાદાદી નાના બાળકોની શાળામાંના નાના બાળકોની જેમ પોંક મૂકીને રડતા હતા અને તેઓ આગળ આવ્યા અને મારી આગળ ઊચા રહ્યા અને જાહેર કર્યુ કે તેઓને પ્રભુ ઇસુ ખ્રિસ્તના લોહી મારફત તારણ જોઈએ છે અને પસ્તાવા માટે આજીજી કરી. તેઓએ ઇસુ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે પહેલી વાર સ્વીકાર્યા. અમે બધા સાંજે એક સાર્વકાલિક આશા સાથે પાછા આવ્યા. થોડા વર્ષો પછી, તેઓ પુનરૂત્થાનની આશા સાથે પ્રભુના મહિમામાં પ્રવેશ્યા.

તેઓ મારૂં પ્રથમ ફળ હતા. જો કે ૫૦ કરતા વધુ વર્ષો વીતી ગયા છે, તો પણ તેમની યાદો મારા હૃદયમાં હજુ પણ તાજી છે. ત્યાર પછી પ્રભુ મને ભારતના અને પડોશના દેશાના ઘણા સ્થળોમાં અને ખૂણાઓમાં લઈ ગયા અને દુનિયાના અતિ દુર્ગમ ભાગોમાં, જુદી જુદી સંસ્કૃતિ અને ભાષાઓમાં મને તારણની સુવાર્તા, સ્વર્ગીય શાંતિ અને સાર્વકાલિક જીવન વિશે બોધ આપવામાં સહાય કરી.

વહાલા ભાઈઓ અને બહેનો, શું તમે તમારા કુટુંબના વહાલાઓ અને વતનના ગામનાં તારણ, સાર્વકાલિક જીવન માટે વિચાર કરો છો? આ દિવસોમાં ઘણા આધુનિક પ્રચારકો દુનિયાના વિવિધ ભાગોમાં મુસાફરી કરે છે, તેમના પોતાનાં માતાપિતા અને સગાઓની અવગણના કરીને, ભુલી જઈને. આપણે તેવા થવું ન જોઈએ.

જો તમે તમારા અંગત કુટુંબીજનો અને સગાઓને પ્રભુ ઇસુ ખ્રિસ્તના પ્રેમ વિશે જણાવશો તો એક મોટો પુરસ્કાર તમારી રાહ જોઈ રહયો છે. ફરી જન્મના તારણનો અનુભવ, પવિત્ર જીવન, ઇશ્વરની સેવા, ન્યાય અને સાર્વકાલિક જીવન સાચા છે. ઇશ્વર તમને આશીર્વાદ આપે.

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/18-20 WPP NO. TN/PMG(CCR)/WPP-216/18-20

# તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

**વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/-**
**આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-**

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાકીય મદદો (ડી.ડી.દ્વારા, ચેક, મનીઓર્ડર દ્વારા વગેરે) **ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલા સરનામા પર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.


## ECHO OF HIS CALL

10, MOHAMMED ABDULLAH 2nd STREET,
CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH : (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766
CELL : (+91) 98410 71852, 95661 31858
E-mails : sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites : www.echoofhiscall.org / www.echoofhiscall.com


YOU CAN SEND YOUR DONATIONS ON ONLINE ALSO

## PLEASE PRAY FOR OUR MINISTRIES AT THE HEADQUARTERS

1. Prayer Service : 24 hours
2. **BIBLECOR -** Bible Correspondence Courses : English, Tamil & Hindi
3. **ECHO OF HIS CALL** - Monthly Magazines : English, Tamil, Malayalam, Telugu, Hindi, Kannada, Marathi, Gujarati, Bengali, Odiya, Nepali, Assamese, Punjabi, Urdu, Sinhala & Afrikaans.
4. Nehemiah Bible Colleges (Two Centres)
5. Theological Correspondence Courses: English & Tamil
6. Great Commission Partners (Network of Pastors)
7. Training Programmes
8. Crusades
9. Literature Distribution and Follow Up
10. Gospel Printing Press - Publications
11. St. Paul's Matriculation School - Village English High School
12. Sunday Schools : 8.30 a.m. & 4.00 p.m. Sunday
13. **Tamil Services : 5.30 a.m. , 7.00 a.m. & 10.00 a.m. Sunday**
14. **Malayalam Service : 3.00 p.m. Sunday**
15. **Telugu Service : 4.00 p.m. Sunday**
16. **Hindi Service : 5.00 p.m. Sunday**
17. **English & Tamil Service : 6.00 p.m. Sunday**
18. Pastors' Counselling : 4.00 p.m. Sunday
19. Women's Prayer : 5.30 p.m. Wednesday
20. Mid-week Bible study : 6.30 p.m. Wednesday
21. Men's Prayer : 7.00 p.m. Friday
22. Workers' Meeting : 6.00 p.m. Saturday
23. House Meetings : 6.30 p.m. Monday & Tuesday
24. Special Holy Communion : 5.30 a.m. 1st day of each month
25. Ministers Review Meeting : 5.30 p.m. First Saturday
26. Parents' Prayer : 4.00 p.m. First Sunday
27. Night Prayer : 9.30 p.m. Second Friday
28. Fasting Prayer : 9:30 a.m.Third Saturday
29. Holy Communion : Second Sunday Services
30. Morning Devotion : 5.30 a.m. daily
31. Staff Devotion : 9.00 a.m. daily
32. Office : 9.00 a.m. to 9.00 p.m. (except Sunday)


RNI NO. 70103/98
Postal Regn. No. TN/CH/(C)/203/18-20
WPP NO. TN/PMG(CCR) / WPP- 216/18-20
Date of Publication: Third week of every month
Date of Posting : 15th & 16th of every month
Posted at "Egmore RMS / 1 Patrika Channel"
on 16th JANUARY 2020
If un-delivered please return to:
ECHO OF HIS CALL (GUJARATI)
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766


***JESUS LOVES YOU!***

To

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from No.18, Mohammed Abdullah Street, Chepauk, Chennai-600 005 and printed by him at **Echo of His Call Printers** No. 18, Mohammed Abdullah Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**